# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૦૨/૦૮/૨૦૧૮

તંત્રીશ્રી,

ગુજરાત મિત્ર,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.

**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **રાજ્યના લોકલાડીલા અને પ્રજાવત્સલ માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીજીના જન્મદિવસે ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા વિવિધ "સેવાકીય" કાર્યક્રમો યોજાયા.**
- **પૂજા–મહાઆરતી, દિવ્યાંગ બાળકોને હેલ્થ કીટ વિતરણ, સફાઈ કામદાર બહેનોનું સન્માન, આંગણવાડીના બાળકોને "સુખડી"નું વિતરણ, "ઉજજવલા યોજના" અંતર્ગત બહેનોને ગેસના ચૂલા અને કીટનું વિતરણ, "વડિલ વંદના" સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

આજ રોજ તા. ૦૨/૦૮/૨૦૧૮, ગુરૂવારના રોજ સંવેદનશીલ ગુજરાતના પ્રણેતા અને લોકલાડીલા, પ્રજાવત્સલ માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીજીના જન્મદિવસે ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા વિવિધ પ્રજાલક્ષી તેમજ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

જનસેવાને વરેલા માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીજીના ૬૩માં જન્મદિવસ નિમિતે ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના સંગઠનના પદાધિકારીઓ તથા હજ્જારો કાર્યકર્તાઓ વહેલી સવારથી જ "જનસેવા યજ્ઞ"માં જોડાયા હતા.

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમ્યાન વરાછા રોડ ખાતે આવેલા સિધ્ધકુટીર મંદિરમાં પૂજા અને મહાઆરતીનું આયોજન કરાયું હતું. કાર્યકર્તાઓએ પૂજા–અર્ચના કરી ગુજરાત રાજ્ય માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીજીની આગેવાનીમાં ડગલે ને પગલે વિકાસના પંથે અવિરત રહે તેવી મંગલ કામના કરી હતી.

સવારે ૯:૩૦ થી ૧૧:૦૦ કલાક દરમ્યાન બેગમવાડી, સલાબતપુરા ખાતે શ્રી મહાદેવ એજ્યુકેશન એન્ડ રિહેબીલેશન પબ્લીક ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગ બાળકોને હેલ્થ કીટનું વિતરણ તથા દિવ્યાંગ બહેનોને સેનેટરી પેડનું વિતરણ કરાયું હતું.

સવારે ૧૧:૧૫ થી ૧૨:૧૫ કલાક દરમ્યાન મજુરા ગેટ, રીંગ રોડ ખાતે આવેલ સીવીલ હોસ્પિટલમાં સફાઈ કામદાર બહેનોનું સન્માન કરાયું હતું તેમજ ગર્ભવતી બહેનો અને નાના ભૂલકાંઓને ફ્રુટ વિતરણ કરાયું હતું. સાથે સાથે સીવીલ કેમ્પસમાં ૧૧,૦૦૦ રોપાઓનું રોપણ કરાયું હતું.

બપોરે ૧૨:૩૦ થી ૧:૩૦ કલાક દરમ્યાન હરીનગર, ઉધના ખાતે આવેલ શાળા નંબર ૨૦૮–૨૦૯ની ૬૩ આંગણવાડીના બાળકોને "સુખડી"નું વિતરણ કરાયું હતું.

વેડ, કતારગામ ખાતે આવેલા પ્રણામી મંદિરમાં બપોરે ૩:૦૦ થી ૪:૦૦ કલાક દરમ્યાન ૬૩ પરિવારોને "માં અમૃતમ કાર્ડ"નું વિતરણ કરાયું હતું.

રાંદેરના ઉગત ગામ ખાતે આવેલા હળપતિવાસમાં સાંજે ૪:૦૦ થી ૫:૩૦ કલાક દરમ્યાન "ઉજ્જવલા યોજના" અંતર્ગત બહેનોને ગેસના ચૂલા અને કીટનું વિતરણ કરાયું હતું.

સાંજે ૬:૦૦ થી ૮:૦૦ કલાક દરમ્યાન ભાઠા ગામ, પાલ–હજીરા રોડ ખાતે આવેલા વૃધ્ધાશ્રમમાં "વડીલ વંદના" કાર્યક્રમ યોજાયો હતો.

- **જન–જનના પ્રિય, પ્રજાવત્સલ માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીજીના નેતૃત્વમાં ગુજરાત વિકાસના પંથે અવિરત આગળ વધે એ જ તેમના જન્મદિવસ નિમિતે અભ્યર્થના : શ્રી નીતિન ભજીયાવાળા**

લોકપ્રિય તથા પ્રજાવત્સલ માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીજીને તેમના જન્મદિવસે હાર્દિક શુભેચ્છા પાઠવતા શહેર અધ્યક્ષ શ્રી નીતિન ભજીયાવાળાએ જણાવ્યું હતું કે

# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

કર્મઠ, વિકાસના પ્રણેતા અને પ્રજાના ભેખધારી એવા માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીજીના માર્ગદર્શન અને નેતૃત્વમાં ગુજરાત રાજ્ય ડગલે ને પગલે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. "કોમન મેન–સી.એમ." તરીકે સતત પ્રજાની પડખે રહેનાર માનનીય મુખ્યમંત્રીશ્રીના કાર્યકાળમાં સરકાર, સરકારના કર્તવ્યનિષ્ઠ અધિકારીઓ અને પ્રજા વચ્ચે જે "સહકારનો સેતુ" સ્થપાયો છે તે અવિરત આગળ વધતો રહે એ જ અભ્યર્થના.





# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

“પંડિત દીનદયાળ ભવન”, ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.






